## (જોડાણ-૧)

## ઠેકેદારશ્રીએ ભાવો ભરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો અને ખાસ શરતો

(૧) ઠેકેદારશ્રીએ લઘુત્તમ વેતનના દર, જી.એસ.ટી., ઈ.પી.એફ., ઈએસઆઈએસ, લેબર સેસ તેમજ અન્ય તમામ ટેક્ષ / ખર્ચ ધ્યાને લઈ ભાવો ભરવાના રહેશે.

(૨) લઘુત્તમ વેતનના જે તે સમયે પ્રવર્તમાન દર અને નિયમો મુજબ ઠેકેદારશ્રીને કામે રાખેલ તમામ લેબરનું વેતન તેમના બેંક ખાતામાં ચેકથી જ ઠેકેદારથીએ દર માસે નિયમિતપણે (દર મહિને ૧ થી ૧૦ તારીખ સુધીમાં) ચૂકવણું કરી ત્યારબાદ રજુ થનાર બીલ સાથે તેનું બેંક સ્ટેટમેન્ટ સામેલ કરવાનું રહેશે.

(૩) સદર ટેન્ડરના ભાવો ભરવા અંગે ઠેકેદારશ્રીઓ નીચેની પાત્રતા ધરાવતા હોવા જોઈએ.

- ઈજારદારશ્રીઓએ છેલ્લા પાંચ વર્ષ એટલે કે સને વર્ષ ૨૦૨૧-૨૨ થી આજદીન સુધી આવા જ પ્રકારનું ઓછામા ઓછુ અંદાજી રકમના ૪૦% લેખે એક કામ પૂર્ણ કરેલ હોવુ જોઈએ.
- આ કામની અંદાજી રકમના ૨૦% લેખે ચાલુ વર્ષની શિડ્યુલ / નેશનલાઈઝડ બેંકની બેંક સોલવંશી ધરાવતા હોવા જોઈએ.
- એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ કમિશ્નર ફાળવેલ ઈપીએફ નોંધણી નંબરનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ.
- કામદાર રાજ્ય વીમા યોજના દ્વારા ફાળવેલ ઈ.એસ.આઈ.એસ. નોંધણી નંબરનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ.
- જી.એસ.ટી. રજીસ્ટ્રેશન નંબરનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ.
- ટેન્ડરની અંદાજી રકમ મુજબ ટેન્ડર ફીનો બેંકનો ડિમાન્ડ ડ્રાફ્ટ.
- ટેન્ડરની અંદાજી રકમના ૧% લેખે બાનાની રકમ (EMD) તરીકે બેંકની એફડીઆર/ડી.ડી.
- પાનકાર્ડ ધરાવતા હોવા જોઈએ.
- જે એક કરતાં વધુ એજન્સીઓના સરખા ભાવ આવે તે પરિસ્થિતિમાં એજન્સીના ટેન્ડરમાં જે અનુભવ માંગેલ છે અને એજન્સી દ્વારા અનુભવના પ્રમાણપત્ર (ફોર્મ-૩એ) સ્કેન કરેલ (જરૂરી સહી-સિકકા સાથે પૂર્ણ કરેલ કામના ઓનલાઈન મુકેલ અનુભવના પ્રમાણપત્રો) ધ્યાને લઈ, જે એજન્સીના મેનપાવર વધારે હશે. (માંગ્યા મુજબ પાંચ વર્ષમાં) તેને ધ્યાને લેવામાં આવશે..
- જો અનુભવના પ્રમાણપત્રમાં મેન ડે (માનવદિન) નો ઉલ્લેખ ન હોય તો ફાઈનલ બિલની નકલ, અનુભવના પ્રમાણપત્ર સાથે રજુ કરવાનું રહેશે. જેથી માનવદિનની ગણતરીમાં સરળતા રહે અથવા માનવદિનના કામના નામ, મેનપાવર વિગત, ટેન્ડર રકમ, ફાઈનલ બિલની ચૂકવણાંની રકમ, સમયગાળો વિગેરે આવરે લેતું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૪) લઘુત્તમ વેતનના દર મુજબ જી.એસ.ટી., ઈપીએફ, ઇએસઆઈએસ, લેબરસેસ તેમજ અન્ય તમામ ટેલ /ખર્ચના દરથી ઓછા ભાવોવાળા ટેન્ડર ધ્યાનમાં લેવામાં આવશે નહી. (નોન રીસ્પોન્સીવ ગણાશે)

(૫) ઈજારદારશ્રીના ભાવો મંજુર થયે તેણે કામે રાખેલ માણસોના ઈપીએફ, ઈએસઆઈએસ અને જી.એસ.ટી.ની રકમ જમા કરાવ્યા અંગેના આધાર તરીકે ચલણની પ્રમાણિત નકલો રજુ કર્યેથી આગળના બીલનું ચુકવણું કરવામાં આવશે.

(૬) લઘુત્તમ વેતનના ખાસ ભથ્થા શ્રમઆયુક્તની કચેરી દ્વારા વર્ષે દર છ માસે નકકી કરવામાં આવે છે. સરદહું ખાસ ભથ્થામાં વધારો/ઘટાડો જે તે સમયે લાગુ કરવાનો રહેશે અને તે મુજબનું ચુકવણું લેબરને કરવાનું રહેશે અને એજન્સીને પણ એ મુજબ ચુકવણું કરવામાં આવશે.

(૭) ઇજારદારશ્રીએ તેઓના ભાવો મંજુર થયે તેણે રાખેલ માણસોની યાદી તથા તેઓના ઓળખ રજુ કરતા પત્રની પ્રમાણિત નકલ વર્ક ઓર્ડર લેતા પહેલા અત્રેની કચેરીએ રજુ કરવાના રહેશે.

ઠેકેદારની તારીખ
સાથેની સહી

નાયબ કાર્યપાલક ઇજનેર
પાટનગર યોજના પેટા વિભાગ-૨૦
ગાંધીનગર

કાર્યપાલક ઇજનેર
પાટનગર યોજના વિભાગ-૧
ગાંધીનગર